ગાંધીનગર તાપમાન

મહત્તમ : ૩૦.૦ ડીગ્રી
લઘુતમ : ૧૯.૫ ડીગ્રી
ભેજ
સવારે ૮૧ ટકા ● સાંજે ૫૬ ટકા

# ‘ગંદકી નોનવેજ કી’... કતલખાના પાસે ગંદકીનું સામ્રાજ્ય

## શાકમાર્કેટમાં પ્રવેશતા અસહ્ય દુર્ગંધ અને ગંદકી : સ્વચ્છતાના નામે મીંડુ જેવા દશ્યો

ગાંધીનગર, તા. ૨૦

શહેરમાં નોનવેજ, ઈંડાની લારીઓથી ગંદકી અને દુર્ગંધ ફેલાવાથી શહેરીજનો પરેશાન થઈ રહ્યા છે. ત્યારે સેક્ટર-૨૧ માર્કેટમાં ચાલતા કતલખાના વિસ્તારમાં અતિશય દુર્ગંધ અને ગંદકીના દશ્યો સર્જાયા છે. ગટરો ઉભરાવાથી આસપાસના વિસ્તારોમાં પાણી ભરાઈ રહ્યુ છે. જેથી આ વિસ્તારમાં અવરજવર કરતા નાગરિકોને પરેશાની વેઠવી પડી રહી છે.

શહેરમાં સેક્ટર-૨૧ માર્કેટમાં પ્રવેશતાની સાથે કતલખાનાની દુર્ગંધનો સામનો કરવો પડે છે. શાકભાજી લેવા માટે આવતી મહિલાઓને ત્યાંથી પસાર થવુ અસહ્ય બની રહ્યું છે. ઉપરાંત ઘણા સમયથી આ વિસ્તારમાં ગટરના પાણી ભરાવાની સમસ્યાઓ સર્જાઈ છે તેથી કતલખાનાની દુર્ગંધ ઉપરાંત ગટરના પાણીની દુર્ગંધ સાથોસાથ ગંદકીના કારણે આ વિસ્તારમાં સ્વચ્છતાના નામે મીંડુ જેવા દશ્યો જોવા મળી રહ્યા છે. સફાઈ કામગીરી કરનારાઓ દ્વારા આ વિસ્તારમાં આંખ આડા કાન કરવામાં આવી રહ્યા હોય તેવું લાગી રહ્યું છે.

જાહેરમાં ચાલતા નોનવેજ અને ઈંડાના વ્યાપારથી તો દુર્ગંધ ફેલાય જ છે પરંતુ આ કતલખાના વિસ્તારમાંથી રોગચાળો થવાની પણ સંભાવના દેખાઈ રહ્યુ છે. એક તરફ ભેજવાળા વાતાવરણથી મચ્છરજન્ય રોગચાળો ફેલાવાની ભીતિ છે અને બીજી બાજુ આ પ્રકારે




પાણી ભરાઈ રહેવાથી મચ્છરોનો ઉપદ્રવ ફેલાવાની વધારે સંભાવના રહી છે. આ વિસ્તારમાં નાના બાળકોથી લઈ તમામ વયજૂથના નાગરિકોની અવરજવર રહેતી હોય છે તેથી તેમના સ્વાસ્થ્યને કોઈ હાનિ ન થાય તે માટે સ્વચ્છતા જાળવણી તંત્રની જવાબદારી છે. આ કતલખાનુ ઘણા વર્ષોથી ચાલતુ આવે છે અને આ બાબતે ઘણીવાર નોટીસો પણ આપવામાં આવી છે તથા શહેરીજનો દ્વારા ફરિયાદો પણ કરવામાં આવે છે. તેમ છતાં કોઈના પેટનું પાણી હલતું ન હોય તેમ કોઈ કાર્યવાહી થઈ રહી નથી. અસહ્ય દુર્ગંધના કારણે ઘણા શહેરીજનોને શ્વાસ લેવામાં પણ તકલીફો થતી હોય છે. કોર્પોરેશન દ્વારા ઉભરાતી ગટરોના પાણીની સમસ્યાનું નિરાકરણ લાવવું જોઈએ જેથી આ વિસ્તારમાં ગંદુ પાણી ભરાવાની સમસ્યા દૂર થઈ શકે તથા દૂર દૂર માર્કેટમાં કચરો અને ગંદકી સર્જાતા અટકાવવા માટે કડક પગલા અને કાયદેસર કાર્યવાહી કરવી જોઈએ જેથી કોઈપણ અસામાજિક તત્વો જેમ તેમ કચરો કે ગંદકી ન કરી શકે. કચરાપેટીના ડબ્બા મુકવામાં આવ્યા છે તેમ છતાં નાગરિકો ઠેક ઠેકાણે ગંદકી કરતાં શરમ અનુભવી રહ્યા નથી. તંત્ર દ્વારા ગંદકી કરતા અસામાજિક તત્વો માટે મોટો દંડ વસુલવો રહ્યો તો જ આ પ્રકારે શહેરમાં ગંદકી ઓછી થઈ શકશે.

## જન્મદિને વધામણી



મિહિરભોજસિંહજી કુલદીપસિંહજી દેવડા



રતનસિંહ મનુભા વાઘેલા
મો. ૯૮૯૯૮ ૨૧૭૪૬



શિલ્પાબેન શાહ
લાયોનેસ ક્લબ



હાર્દ બ્રહ્મભટ્ટ
૯૯૨૫૦૨૦૩૯૧



ધ્યેય વિશાલ બ્રહ્મભટ્ટ



અમિત બી મેવાડા



પન્નાબેન મનુભાઈ પ્રજાપતિ

## કડવા પાટીદાર સમાજ દ્વારા નિબંધ અને રંગોળી સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા.૨૦

કડવા પાટીદાર સમાજ, ઉમિયા માતાજી સંસ્થાન દ્વારા સરદાર પટેલની જન્મજયંતિ નિમિત્તે વિવિધ વય જૂથ માટે નિબંધ અને રંગોળી સ્પર્ધા યોજાઈ હતી. જેમાં નિબંધ સ્પર્ધામાં દિયા પટેલ, જીલ પટેલ, કિનલ પટેલ વય જૂથ-૧માં વિજેતા થયા જયારે વય જૂથ-૨ માટે તીર્થ પટેલ, વિધિ પટેલ, હાર્દ પટેલ તથા વય જૂથ-૩માં હીના પટેલ, ડૉ. પાર્થ પટેલ, કે.કે. પટેલ વિજેતા થયા હતા તેમજ દેવદિવાળી નિમિત્તે યોજાયેલી રંગોળી સ્પર્ધામાં વય જૂથ-૧માં પ્રાયુષી પટેલ, વય જૂથ-૩ માટે સ્વાતિ પટેલ, સેજલ પટેલ જયારે ગ્રુપ રંગોળીમાં સેતુ પટેલ અને શિવાની પટેલ વિજેતા જાહેર થયા હતા. આ બંને કાર્યક્રમમાં સમાજના હોદ્દેદારો, ટ્રસ્ટીઓ અને સમાજના આગેવાનો હાજર રહ્યા હતા.

## ગજાનન સેવા સમિતિ દ્વારા દહેગામમાં સેવાકાર્ય



ગાંધીનગર, તા.૨૦

ગજાનન સેવા સમિતિ દ્વારા દહેગામ તાલુકામાં સેવાકાર્ય કરવામાં આવ્યું હતું. દહેગામ તાલુકાનાં દેવકરણના મુવાડામાં ૮૫ લાભાર્થીઓને ચોખાનું વિતરણ કરવામાં આવ્યું હતું. જયારે ભાટાઈમાં ૬ લાભાર્થીઓને સેવા પુરી પાડી હતી. ઉપરાંત બિસ્કીટના પેકેટ વિતરણ કર્યા હતા. આ સેવાકાર્યમાં પરેશ વૈદ્ય, મિલિન્દભાઈ તથા વિપુલભાઈ સાથે હતા અને ડૉ. સુરેશભાઈ શાહ તરફથી સહાયતા પ્રાપ્ત થઈ હતી.

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ. મકવાણા મંજુબેન ઘેલજીભાઈ, ઉ.વ. ૬૩, સેકટર-૪
- સ્વ. પટેલ કાન્તાબેન અંબાલાલ, ઉ.વ. ૬૮, ધોળાકુવા, માણસા
- સ્વ. ચમાર અમરાભાઈ રાજાભાઈ, ઉ.વ. ૭૭, સેકટર-૨૫
- સ્વ. કાંસળે યોગેશરાવ હરેશરાવ, ઉ.વ. ૩૨, સેકટર-૨૦
- સ્વ. કુબાવત લીલીબેન શામળદાસ, ઉ.વ. ૭૨, કુડાસણ

## ગાંધીનગર ખાતે યોગ સંવાદ- નૂતનવર્ષ મિલન સમારોહ યોજાયો

### યોગ કરવાથી પુરૂષાર્થ કરવાની શક્તિ આવે છે, પુરૂષાર્થ થકી વ્યક્તિ જીવનમાં સુખ પામી શકે છે : શીશપાલ





ગાંધીનગર, તા.૨૦

યોગ કરવાથી પુરૂષાર્થ કરવાની શક્તિ આવે છે, પુરૂષાર્થ થકી વ્યક્તિ જીવનમાં સુખ પામી શકે છે, તેવું આજરોજ ગાંધીનગર ખાતે ગુજરાત રાજય યોગ બોર્ડ દ્વારા આયોજિત યોગ સંવાદ નૂતનવર્ષ મિલન સમારોહમાં બોર્ડના ચેરમેન અને યોગ સેવક શ્રી શીશપાલે જણાવ્યું હતું.

તેમણે વિક્રમ સવંત- ૨૦૭૮ ના નૂતન વર્ષના સર્વેને અભિનંદન પાઠવીને તેમણે ઉમેર્યું હતું કે, સમગ્ર દેશમાં યોગની જાગૃત્તિ માટેનું કામ ગુજરાતમાં સૌથી વધુ થાય છે. ગુજરાતમાં જ આ બોર્ડ કાર્યરત છે. ગુજરાત યોગ પ્રેમી બની રહ્યું છે. પરંતુ હજુ ઘણા લોકો પોતાના જીવનશૈલીમાં યોગને અપનાવ્યો નથી. મોટી માત્રામાં યોગ કરવો એ સ્વાસ્થ્ય માટે સારું છે, તેવું સ્વીકારતા થઈ ગયા છે. તેમણે આગામી સમયમાં એક લાખ જેટલા યોગ ટ્રેનર ગુજરાતમાં બનાવવાના છે. રાજયમાં યોગની જાગૃત્તિ અર્થે યોગ યાત્રા કાઢવાનો ઉમદા વિચાર પણ રજૂ કર્યો હતો.

ગુરૂકુળના શાસ્ત્રીજી રામકૃષ્ણદાસજી સ્વામીએ જણાવ્યું હતું કે, ભારતીય સંસ્કૃતિનું જતન-પોષણ આપણે સૌએ કરવાનું છે. આપણી ગૌરવવંતી સંસ્કૃતિનું જતન યોગ થકી પણ આપણે કરી રહ્યા છીએ. સમગ્ર વિશ્વને યોગની ભેટ ભારતે જ આપી છે. ગુજરાત રાજયમાં યોગ બોર્ડ દ્વારા યોગ વિષય પર ઉમદા કામ કરીને તેને એક નવી ઉંચાઈએ લઈ ગયા છે. તેનો આનંદ પણ વ્યક્ત કર્યો છે.

ગાંધીનગર જિલ્લા કલેકટર શ્રી ડૉ. કુલદીપ આર્યએ જણાવ્યું હતું કે, યોગ માત્ર વિશ્વ યોગ દિવસ તા. ૨૧મી જૂનના રોજ જ નહિ કરવો પણ દરેક વ્યક્તિએ રોજિંદા જીવનમાં યોગને સ્થાન આપવું જોઈએ. યોગ થકી તંદુરસ્ત જીવન કેમ બને છે, તેની દષ્ટાંત પુર્વક વાત કરી હતી. બોર્ડના સભ્ય શ્રી ભાનુભાઈ ચૌહાણે જણાવ્યું હતું કે, સ્વાસ્થયની તંદુરસ્તી જીવનની સૌથી મોટી સંપત્તિ છે. આ સંપત્તિ નિયમિત યોગ કરવાથી સરળતાથી મળી શકે છે. તેમણે યોગ બોર્ડ દ્વારા યોગની જાગૃત્તિ માટે કરવામાં આવતા કાર્યોની વિસ્તૃત વાત કરી હતી. આ પ્રસંગે યોગ બોર્ડના ખાસ ફરજ પરના અધિકારી શ્રી વી.પી. વેદીએ જણાવ્યું હતું યોગનો મતલબ જોડવું થાય છે. આ પ્રસંગે યોગ માટેની જાગૃત્તિ આપતું નાટક પણ બાળકો દ્વારા રજૂ કરવામાં આવ્યું હતું.

## જુના સચિવાલય પાસેના મીનાબજારના માર્ગના નવીનીકરણનો પ્રારંભ

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગરમાં જુના સચિવાલય પાસેના મીના બજારનું અનેરું મહત્વ છે, અહીં કાલુપુર-ગાંધીરોડની જેમ કિફાયતી ભાવે લગભગ જીવન જરૂરી શાકભાજી-કરિયાણાંથી માંડીને રોજબરોજની આવશ્યક ચીજવસ્તુઓ ઉપરાંત નવા મોબાઈલ અને એસેસરીઝ સુધીની પ્રોડક્ટ તેમજ ઈલેક્ટ્રોનિક્સના ઉપકરણોના રીપેરીંગનું કામ કરનારા પણ મળી રહે છે અને સચિવાલયના બાબુઓને ‘ફ્રેશ’ થવા માટે ચા-નાસ્તાની પણ અહીં બોલબાલા છે. જોકે મીના બજારમાં ઘણા સમયથી રોડ-રસ્તાની કથળેલી હાલતથી વેપારીઓથી માંડીને ગ્રાહકો પરેશાન હતા અને તેના માટે મીનાબજારના પ્રગતિ લારી પાથરણાં મંડળના પ્રમુખ તુલસીભાઈ માલી સહિત એસોસિયેશનન દ્વારા સતત બે વર્ષથી રજુઆત કરાતી હતી પરંતુ અહીં મોટે ભાગે નાના અને મધ્યમ વેપારીઓ હોવાથી તેમની રાવ તંત્રના બ્હેરાં કાને અથડાઈને પાછી ફરતી હતી. જોકે હવે મહાનગરપાલિકામાં સત્તાધીશો બદલાતાં જ તેમની મહેનત રંગ લાવી છે અને શહેરના રોડ નં. ૫ તરફથી મીનાબજારમાં જવાના મુખ્ય માર્ગને મજબૂત આરસીસી રોડ બનાવવાનું કામ શરૂ થઈ જવા પામ્યું છે જેને પગલે મીનાબજારના વેપારી વર્ગમાં આનંદની લહેર પ્રસરવા પામી છે.



# લગ્નપ્રસંગે ‘મહેંદી’ બ્રાઈડલની પ્રથમ પસંદ

ગાંધીનગર, તા.૨૦


શહેરભરમાં લગ્નસરાની સિઝન ચાલી રહી છે ત્યારે દુલ્હનની પ્રથમ પસંદગી રૂપી મહેંદી મૂકવાવાળાનો બિઝનેસ તેજીમાં ચાલી રહ્યો છે. શહેરના સેકટર-૨૧ માર્કેટમાં બેસતા મહેંદી મૂકવાવાળાભાઈઓ દરરોજના ૪૦થી ૫૦ મહેંદીના કોન પુરા કરી રહ્યા છે. લગ્નપ્રસંગો માટે તેઓને મહેંદીના ઓર્ડરો વધારે પ્રમાણમાં મળી રહ્યા છે. તેઓ બે હાથમાં માત્ર ૧૦ જ મિનિટમાં મહેંદી મુકી આપે છે તેથી મહિલાઓ દ્વારા લગ્નપ્રસંગે અથવા કોઈ ફંકશનમાં મહેંદી મુકાવવાની હોય ત્યારે પ્રથમ પસંદગી શહેરના સેકટર-૨૧ના માર્કેટમાં બેસતા રાજસ્થાની મહેંદીવાળાની કરવામાં આવે છે. ઓછા સમયમાં ઝડપી મહેંદી મુકતા આ મહેંદીવાળાઓનો ધંધો લગ્નસિઝન નિમિત્તે તેજીમાં જોવા મળી રહ્યો છે.


રાજસ્થાનની મહેંદી સૌથી વધારે પ્રખ્યાત છે. રાજસ્થાની મહેંદીનો બિઝનેસ કરતા આ ભાઈઓ સેકટર-૨૧માં ઘણા વર્ષોથી મહેંદી મુકવાનો વ્યવસાય કરી રહ્યા છે. તેઓની મહેંદીમાં નીલગીરી તેલ મિકસ કરવામાં આવે છે જયારે દુકાનોમાં મળતી મહેંદીના કોનમાં પેટ્રોલ મિકસ કરવામાં આવે છે જેથી મહેંદીનો કલર પકડાતો નથી અને મહેંદીનો રંગ ઓછો થાય છે. ઉપરાંત સાઈડ ઈફેકટસ પણ થાય છે. જયારે નીલગીરીના તેલથી બનાવેલા મહેંદીના કોનમાં કોઈ કેમિકલ મિકસ કરવામાં આવતું નથી તેથી તેની કોઈ સાઈડ ઈફેકટ પણ થતી નથી તેથી મહિલાઓ આવા મહેંદીના કોન વધારે પસંદ કરે છે અને આ પ્રકારની મહેંદી મુકાવડાવે છે. જેમાં ૨૦૦ રૂપિયાથી ૨૧૦૦૦ રૂપિયા સુધીના ઓર્ડર આ રાજસ્થાની મહેંદી મુકવાવાળાઓને મળી રહ્યા છે. તેઓ એક હાથમાં મહેંદી મુકવાના રૂપિયા ૧૦૦ લે છે જયારે બ્રાઈડલ મહેંદી ૧ કલાકમાં મુકી રહ્યા છે. એક કલાકમાં દુલ્હન મહેંદી મુકી આપે છે જે ખૂબ જ સુંદર રીતે મુકવામાં આવી રહી છે.

**મહેંદી સાથે અનેક પરંપરા પ્રચલિત છે. જેમ કે કન્યાના હાથમાં મહેંદીનો રંગ ઘાટો આવે તો દંપતિ વચ્ચે અતૂટ પ્રેમ છે તો આ રંગ વહુ અને સાસુ વચ્ચે પણ પ્રેમ અને સમજ દર્શાવે છે. ઘણી જગ્યાએ એવી પણ માન્યતા છે કે નવવધૂના હાથમાં મહેંદીનો રંગ જેટલો વધુ રહે તેટલી તે ઘર માટે શુકનિયાળ હોય છે આ ઉપરાંત પણ અનેક વાતો લગ્ન સમયે મહેંદી સાથે જોડવામાં આવે છે. માટે જ મહેંદીને લગ્નમાં ખાસ ગણવામાં આવે છે.**

## સેકટર-૨૧માં મહેંદી મૂકવાવાળાનો વ્યવસાય તેજીમાં







ગુજરાતી, રાજસ્થાની, પંજાબી, મુંબઈ સ્ટાઈલ, ભરચક, મરાઠી, અરેબિક સ્ટાઈલની મહેંદી, બંગાળી મહેંદી વિગેરે જુદી જુદી સ્ટાઈલની મહેંદીઓ મુકવામાં આવી રહી છે. જેમાં સૌથી વધારે અરેબિક મહેંદીનો ટ્રેન્ડ ચાલી રહ્યો છે. અરેબિક મહેંદી દેખાવમાં પણ ખૂબ જ યુનિક લાગે છે. સેકટર-૨૧માં મહેંદી મુકાવવા માટે ચિલોડા, માણસા, કોલવડા, સરગાસણ, અમદાવાદ ઉપરાંત આજુબાજુના વિસ્તારોમાંથી મહિલાઓ આવે છે જેમ કપડાની ખરીદી ઓનલાઈન ચાલી રહી છે ફુડની ખરીદી ઓનલાઈન થઈ રહી છે, સલૂન-પાર્લરવાળા ઘરે જ સર્વિસ આપી રહ્યા છે તેજ રીતે મહેંદી મુકવાવાળા પણ ઘરે જઈને મહેંદી મુકી આપે છે. ગાંધીનગર સમાચારની મુલાકાત દ્વારા સેકટર-૨૧ની અજય મહેન્દી દુકાનવાળા ભાઈએ આ સમગ્ર માહિતી આપી હતી. જેમાં લગ્ન પ્રસંગ નિમિત્તે આ મહિનામાં તેઓને ૧૭થી વધારે મહેંદીના ઓર્ડર મળી ચુકયા છે. બ્રાઈડલ મહેંદીના ૨૧૦૦ રૂપિયા અને સાદી મહેંદીના ૨૦૦ રૂપિયા ભાવ ચાલી રહ્યો છે.

મહેંદી લગાઉંગી મેં સજના કે નામ કી...દરેક બ્રાઈડલ પોતાના ભાવિ પતિના નામની મહેંદી હાથોમાં લગાવે છે. સદીઓથી આ પરંપરા ચાલી આવી છે અને આજે પણ ચાલી રહી છે એ અલગ વાત છે કે સમય અંતરાલે મહેંદીની ડિઝાઈન અને મુકવાની રીત બદલાતી રહી છે. છતાં પણ સામાન્ય બ્રાઈડલથી લઈને બોલિવુડ અભિનેત્રી કે પછી અબજોપતિની દીકરી હોય દરેક બ્રાઈડલને મહેંદી માટે ખાસ ફિલિંગ્સ હોય છે. લગ્નમાં અનેક રિત-રિવાજોને અનુસરવામાં આવે છે જેમાં મહેંદીની રસમ સૌથી મહત્વપૂર્ણ રસમોમાંની એક છે. મહેંદી એ માત્ર રસમ જ નહી પરંતુ આપણી સંસ્કૃતિની ઝલક અને સૌથી જૂની પરંપરાઓમાંની એક પરંપરા છે. મહેંદી નારીના શૃંગારનું એક મહત્વનું અંગ છે. લગ્નમાં કન્યાને તો મહેંદી મુકવામાં આવે જ છે પરંતુ ઘણી જગ્યાએ વરરાજાને પણ મહેંદી લગાવવાની પરંપરા છે. જો કે કન્યાને હાથ અને પગ બંને જગ્યાએ મહેંદી લગાવવામાં આવે છે જયારે વરને માત્ર શુકનના ટીકા જ લગાવાય છે. લગ્ન ઉપરાંત પણ ઘણા પ્રસંગોમાં મહેંદીની વિશેષતા રહેલી છે. આજકાલ મહેંદી લગાવવી તે પરંપરાની સાથે ફેશન બની ગઈ છે. જે જુદા જુદા ટ્રેન્ડમાં જોવા મળે છે.

હોય છે. દીકરી રાજાની હોય કે રંકની પરંતુ જયારેલગ્નની મહેંદી તેના હાથોમાં રચાતી હોય ત્યારે પથ્થર દિલ પિતા પણ પોતાની લાગણી છુપાવી નથી શકતા.

દુલ્હન અને દુલ્હાના હાથ પર મહેંદી મુકવા પાછળ એક પૌરાણિક પરંપરા પણ છે. એમ માનવામાં આવે છે કે મહેંદીનો ગુણ શીતળ હોય છે જે દુખાવામાં અને તણાવમાં રાહત આપે છે. લગ્નસમયે કન્યા-વર બંને ઘણા બધા તણાવાણામાંથી પસાર થતાં હોય છે તેવા સમયે મહેંદી રસમની સાથે સાથે તેમને શીતળતા પણ આપે છે તથા લગ્ન પહેલા થનારા સંભવિત રોગથી પણ બચાવે છે. લગ્નમાં સોળ શણગાર સજીને દુલ્હન તૈયાર થાય છે છતાં બધાની નજર બ્રાઈડલની મહેંદી પર જ હોય છે. સમયની સાથે નવા ટ્રેન્ડ બદલાયા છે તેમ છતાં આજે પણ દુલ્હન પોતાના હાથ પર પ્રીતમના નામની મહેંદી તો મુકે જ છે.

**બ્રાઈડલ મહેંદીમાં પાઈસલી છાપ, ફલોરલ પેટર્ન, અવિરલ, કલર્ડ મહેંદી ડિઝાઈન, સ્પ્લિટ મંડાલા, ક્રાફ્ટેડ કફ, ટિવસ્ટ, કર્વી ફલોરલ, એકર્ડ પેટર્ન, લેસ ગ્લોવ, બેલેન્ક ફિંગરટિપ્સ, ટિટસ એન્ડ કફ્સ, લેસી ફલોરલ ડિઝાઈન, ગુજરાતી ડિઝાઈન, રાજસ્થાની, મોગલાઈ, બંગાળી, અરેબિક, મરાઠી વગેરે જેવી અનેક ડિઝાઈનોનો સમાવેશ થાય છે.**

મહેંદી લગ્નના બંધનનું પવિત્ર પ્રતિક છે તેથી તેને એક શુકન ગણવામાં આવે છે જયારે દીકરીના હાથમાં મહેંદી મુકાતી હોય છે ત્યારે માતા-પિતા ભાવુક બની જતા હોય છે અનેક પ્રસંગોમાં દીકરી મહેંદી મુકતી હોય છે પરંતુ જયારે દીકરીના લગ્નમાં તેના હાથમાં મહેંદી મુકવામાં આવે છે ત્યારે પરિવારમાં ખુશી સાથે દીકરીના વિદાયના દિવસો નજીક આવી રહ્યા છે તેનું દુઃખ પણ થતું